# લીફ્ટ માંગીને લૂંટ ચલાવતી ટોળકીનો વોન્ટેડ આરોપી પકડાયો

## ખોરજ ઓવર બ્રિજ પાસે ચપ્પુ બતાવીને મહિલા સહિત ચાર શખ્સોએ મળીને સાત મહિના પહેલા લુંટ ચલાવી હતી : હજુ એક વોન્ટેડ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક વૈષ્ણોદેવી સર્કલથી ગાડીમાં લીફ્ટ માંગીને એક મહિલા સહિત ચાર જણાં કલોલ જવાનું કહીને બેઠા હતાં. અંધારાનો લાભ લઈને આ ટોળકીએ રસ્તામાં ખોરજ ઓવરબ્રીજ પાસે ગાડી ઉભા કરાવી દીધી અને ચપ્પુ બતાવીને રોકડા તથા દાગીના કાર માલિક પાસેથી લુંટી લીધા હોવાની ઘટના સાતેક માસ અગાઉ બનવા પામી હતી. આ ગુનામાં બે ઝડપાયા હતા અને બે વોન્ટેડ પૈકી વધુ એક શખ્સને ગાંધીનગર એલસીબીની ટીમે ઝડપી લીધો છે. તપાસ માટે ટીમ અમદાવાદ ગઈ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ૨૦મી ડીસેમ્બર ૨૦૧૨ના રોજ કડી ખાતે રહેતા જગદીશભાઈ રણછોડભાઈ રામી મોડી સાંજે અમદાવાદથી ઘર તરફ ગાડી લઈને જઈ રહ્યા હતાં. ગાંધીનગર સરખેજ હાઈવે પર સ્થિત વૈષ્ણોદેવી સર્કલ પાસેથી એક મહિલા સહિત ચાર જણાં કલોલ જવા માટેની લીફ્ટ માંગીને ગાડીમાં બેસી ગયા હતાં.

ખોરજ ઓવર બ્રિજ આવ્યો કે તરત ગાડી ઉભી કરાવી દઈને એક શખ્સે ચપ્પુ બતાવ્યું અને ખિસ્સામાં પડેલા ૧હજાર રૂપિયા રોકડા, હાથે પહેરેલી ચાંદીની લકી સહિત ગાડીના કાગળો લુંટી લઈ મહિલા સહિત ચારેય જણા રફ્ફુચક્કર થઈ ગયા હતાં. અડાલજ પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરીને તપાસ કરી ચાર પૈકી મહિલા સહિત બે શખ્સોને શોધી કાઢીને ધરપકડ કરી લધી હતી જયારે અન્ય બે સાગરીતો વોન્ટેડ હતાં.

ગઈ કાલે ગાંધીનગર એલસીબીના પી.એસ.આઈ. વાય.જે. રાઠોડ તથા તેમની ટીમે આ ગુનામાં વોન્ટેડ બે પૈકી એક ગોતા હાઉસીંગ વિસ્તારનો આરોપી પ્રવિણ જીવરાજ ચુડાસમા નામના શખ્સને ઝડપી પાડીને ધરપકડ કરી લીધી છે જયારે હજુ એક આરોપી નાસતો ફરે છે જેની શોધખોળ કરવા ટીમ અમદાવાદ તપાસ અર્થે પહોંચી છે.





ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨, સેક્ટર-૩૦ની સંપૂર્ણ સફાઈ બાદ કોર્પોરેશન દ્વારા આજે સેક્ટર-૧૩માં સફાઈની ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. મહાત્મા મંદિર નજીક આવેલા સેક્ટરમાંથી ૧૦૦ ટનથી વધારે કચરો દૂર કરાયો હતો. મેયરશ્રી, ધારાસભ્યશ્રી તેમજ કાઉન્સિલરોની ઉપસ્થિતિમાં આ અભિયાન હાથ ધરાયું હતું.

# વાવોલના સિધ્ધાર્થ રેસીડેન્સીમાં કરંટ લાગવાથી એકનું મૃત્યુ

## નવા બનેલા ફલેટના એક બ્લોકમાં ત્રીજા માળે લીફ્ટ બેસાડવાનું કામ કરી રહ્યો હતો ને કારીગર ચોંટી ગયો...!

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં નવી બનેલી રેસીડેન્ટ સાઈટ સિધ્ધાર્થ રેસીડેન્સીમાં એક અઠવાડીયામાં અપમૃત્યુનો આજે બીજો કિસ્સો બનવા પામ્યો છે. ત્રણેક દિવસ પહેલા એક યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જયારે આજે લીફ્ટ બેસાડવાનું કામ કરી રહેલા એક કારીગરને વિજ કરંટ લાગતા તે મોતને ભેટયો છે સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને સઘન તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતો ૩૫ વર્ષીય યુવાન કારીગર નરોત્તમ રામાભાઈ પરમાર લીફ્ટ બેસાડવાનું કામ કરતો હતો. વાવોલના સિધ્ધાર્થ રેસીડેન્સી ફલેટમાં લીફ્ટ બેસાડવાના કોન્ટ્રાકટરનું કામ આજે નરોત્તમ પરમારે હાથ ધર્યું હતું. ફલેટના ડી-બ્લોકમાં તે લીફ્ટ બેસાડી રહ્યો હતો અને ત્રીજા માળે કારીગરી કરી રહ્યો હતો તે દરમિયાન છુટા જીવંત વિજ વાયરને અડકી જતાં તે સ્થળ પર જ ચોંટી ગયો હતો અને કરંટ લાગતા તેનું સ્થળ પર જ કરૂણ મોત નિપજયું હતું. સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એ.કે. ભરવાડે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# કોલવડામાં પત્નિએ પતિને એસીડ પીવડાવી દીધું...!

## લગ્નને હજુ સાત જ મહિના થયા છે : પતિ સુતેલો હતો ને વહેલી સવારે ઊઠી જઈ પત્નિએ મોં માં એસીડ રેડી દેતા સ્વર પેટી ખલાસ : જમ્મુ-કશ્મીરનું દંપતિ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના કોલવડા ગામમાં બનેલી ઘટનાએ ભારે ચકચાર મચી જવા પામી છે. જમ્મુ-કશ્મીરથી કોલવડા રહેવા આવેલા પરિવારના ઘરે બનેલો કિસ્સો છે. સાત મહિના પહેલા જ લગ્નગ્રંથિથી જોડાયેલી પત્નિએ વહેલી સવારે ઊઠી જઈને સુઈ રહેલા પતિના મોં માં એસિડ રેડી દીધું હતું. એસીડ પીવડાવી દેવાતા પતિની સ્વર પેટી પણ ખલાશ થઈ ગઈ છે અને બોલી પણ શકતો નથી. આ સંદર્ભે યુવાનની માતાએ પેથાપુર પોલીસ મથકે ફરિયાદ આપતા પીએસઆઈ ઓ.એમ. દેસાઈએ પત્નિ વિરૂધ્ધ કલમ ૩૨૬-એ મુજબ ગુનો દાખલ કરી તેણીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. આરોપી પત્ની એસિડ પીવડાવી દઈને જમ્મુ ભાગી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. જેને પકડવા પોલીસ મહિલા પીએસઆઈ તથા તેમની ટીમને તપાસ માટે જમ્મુ કશ્મીર મોકલશે.

મુળ જમ્મુ-કશ્મીરના રહેવાસી અને હાલ ગાંધીનગરના કોલવડા ગામમાં સ્થિત નાયક વાસમાં રહેતા ૨૮ વર્ષીય સુરેશ મોહનલાલ કલોતરાના લગ્ન સાતેક માસ અગાઉ જમ્મુ કશ્મીરના ઉદમપુર જિલ્લાના નાગરોટા વિસ્તારમાં રહેતી રીટા કુલદીપકુમાર ચિસોમા સાથે થયા હતાં. લગ્ન બાદ કોલવડા રહેવા આવ્યાને ત્રણેક મહિના જ થયા હતા ને ૧૭મી માર્ચે વહેલી સવારે રીટા છ વાગ્યે ઉઠી ગઈ અને ઘરમાં નિંદ્રાધીન પતિ સુરેશ પાસે જઈને મોંમાં એસીડ રેડી દીધું હતું. સુતેલા પતિને એસીડ પીવડાવી દેવાતા તેને એપોલો હોસ્પિટલ સહિતની વિવિધ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને ચાર મહિના થઈ જવા આવ્યા છતાં ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી ન હતી. હજુ પણ સુરેશ બોલી શકતો નથી અને સ્વર પેટી ખલાસ થઈ જવા પામી છે. સુરેશના માતા ચંચળદેવીએ પુત્રવધુ રીટા વિરૂધ્ધ ફરિયાદ આપતા પેથાપુર પોલીસે કલમ ૩૨૬-એ મુજબ ગુનો દાખલ કરી રીટાની ધરપકડ માટે મહિલા પીએસઆઈની ટીમને જમ્મુ-કશ્મીર પાસ માટે મોકલવા તજવીજ શરુ કરી છે. રીટાએ પોતાના પતિને એસીડ પીવડાવી ખતમ કરી નાંખવાનો પ્લાન શા માટે ઘડયો તે હજુ સ્પષ્ટ થયું નથી પરંતુ પ્રેમ સંબંધ આ કિસ્સા પાછળ જવાબદાર હોવાનું પોલીસનું પૂર્વ અનુમાન છે.

# શાલીન નોન ટ્રેડીંગ એસોસિએશનની દિવંગતોને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૧માં આવેલા શાલીન કોમ્પ્લેક્ષના સભ્યો દ્વારા તાજેતરમાં ઉત્તરાખંડમાં વિનાશક પૂરમાં દિવંગત થયેલાઓને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ યોજાઈ ગયો.

શાલીન ગાંધીનગર નોન ટ્રેડીંગ એસોસિએશન દ્વારા ઉત્તરાખંડમાં સર્જાયેલી કુદરતી હોનારતમાં યાત્રાળુઓના દુ:ખદ અવસાન થયા છે. દિવંગત થયેલા સંખ્યાબંધ યાત્રાળુઓના માનમાં બે મિનિટનું મૌન પાળી પ્રાર્થના કરવામાં આવી હતી. કોમ્પલેક્ષના સભ્યોએ કેન્દ્ર સરકારની અપીલને માન આપી બચાવ અને રાહતની કામગીરીમાં સહાયરૂપ થવા ૩૫૦૦૦ નો ડ્રાફ્ટ 'પ્રાઈમ મિનિસ્ટર નેશનલ રીલીફ ફંડ'માં નવી દિલ્હી મોકલી આપ્યો છે એમ પ્રમુખ દિનેશસિંહ ચાવડાએ જણાવ્યું છે.

# બેરોજગારીનો ભોગ બનેલી યુવતીનો કેનાલમાં આપઘાત

## નોકરીની શોધ કરીને કંટાળેલી વડસર ગામની ૨૦ વર્ષીય યુવતીનો દંતાલી કેનાલમાંથી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલી દંતાલી નર્મદા કેનાલમાંથી ૨૦ વર્ષીય શિક્ષિત બેરોજગારીનો શિકાર બનેલી યુવતીનો મોડી સાંજે તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ઘરેથી નોકરી માટે અમદાવાદ ઈન્ટરવ્યુ આપવા જતી હોવાનું કહીને શનિવારે નિકળેલી યુવતી લાપતા બની હતી. ગત રાત્રે કેનાલમાંથી તેણીનો મૃતદેહ મળતા પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં નોકરી ન મળતા અંતિમ પગલુ ભર્યુ હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

કલોલ તાલુકાના વડસર ગામમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી નીરૂબેન અજમલભાઈ સોલંકી કોલેજમાં અભ્યાસ કરતી હતી. તેણીના પિતા ખાત્રજની એક કંપનીમાં નોકરી કરે છે. નીરૂબેન ઘણા સમયથી નોકરીની સોધમાં હતી પરંતુ નોકરી મળતી ન હતી. શનિવારે નિરૂ નોકરીની શોધમાં ઈન્ટરવ્યુ આપવા અમદાવાદ જવાનું કહીને ઘરથી નીકલી હતી. પરંતુ ઘરે પરત ફરી ન હતી. પરિવારજનોએ ચિંતાતુર થઈને શોધખોળ શરૂ કરી હતી. પરંતુ સગડ મળ્યા ન હતા. દરમ્યાન ગત મોડી સાંજે ગાંધીનગર નજીકની દંતાલી નર્મદા કેનાલમાંથી તેણીનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. યુવતીએ બેરોજગારીથી કંટાળી જઈને આપઘાત કરી લીધો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.



સેક્ટર-૨૦ની સરકારી કોલેજ સામે આજે બપોરે છ-૫ થી જ-૫ની વચ્ચે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર વ્યક્તિઓની નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

# ભારતીય સ્ટેટ બેંકના સ્થાપના દિને સ્વાસ્થ્ય ચિકિત્સા કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ભારતીય સ્ટેટ બેંક ગાંધીનગર મુખ્ય શાખા દ્વારા બેંક સ્થાપના દિન નિમિત્તે પેન્શનર ગ્રાહકો માટે એક સ્વાસ્થ્ય ચિકિત્સા શિબિર તાજેતરમાં યોજાઈ હતી.

બેંક સ્થાપના દિન નિમિત્તે પેન્શનર ગ્રાહકો માટે શારીરિક સ્વાસ્થ્ય ચકાસણી કાર્યક્રમ યોજાઈ ગયો. પેન્શનર ગ્રાહકોની આ પ્રસંગે નિષ્ણાંત તબીબો દ્વારા બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને બોડી માર્ક્સની ચકાસણી કરવામાં આવી હતી. ડૉક્ટરો દ્વારા સલાહસૂચન આપવામાં આવ્યા હતા. ૨૧૭ પેન્શનર ગ્રાહકોએ શિબિરનો લાભ લીધો હતો. કેમ્પમાં ગાંધીનગર સ્થિત પ્રશાસનિક કાર્યાલયના ઉપમહાપ્રબંધક રાજેશ મિશ્રા તથા ગાંધીનગર રિજિયન સહાયક મહાપ્રબંધક જે.એસ. સહેદાણી તથા ગાંધીનગર સ્થિત અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પના સફળ આયોજન માટે ગાંધીનગર મુખ્ય શાખાના મુખ્ય પ્રબંધક, કર્મચારી ગણ, એસ.બી.આઈ. લાઈબના કર્મચારીગણે સહકાર આપ્યો હતો.

# નટવર હેડાઉ વન વિહારીનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨

વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત રાજ્યના ઉત્તર ગુજરાત વન્ય પ્રાણી વર્તુળ ગાંધીનગરના નળ સરોવર પક્ષી અભ્યારણ્ય વન્ય જીવ વિભાગની કડી (મોટીવેશન) વન્યજીવ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારી તરીકે ફરજ બજાવતા એન.આઈ. હેડાઉ (કવિ નટવર હેડાઉ વન વિહારી) ગત તા. ૩૦-૬-૨૦૧૩ના રોજ વયનિવૃત્ત થતાં થોલ પક્ષી અભ્યારણ્ય ખાતે સલુની સંધ્યાના આહલાદક વાતાવરણમાં પ્રકૃતિને ખોળે તેમનો વિદાય સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત નાયબ વન સંરક્ષક કે. શશીકુમારે જણાવ્યું હતું કે 'નટવર હેડાઉ' તેમના સાહિત્ય સર્જન અને ઉત્કૃષ્ટ કામગીરી અને સરળ સ્વભાવને કારણે સમગ્ર ગુજરાતમાં જાણીતા બન્યા છે.

આ પ્રસંગે વિભાગના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ, કામદારો, સગા સ્નેહીઓ અને મિત્રો તેમજ શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. નટવર હેડાઉએ તેમનો પ્રતિભાવ આપતા લાગણીસભર હૃદયે પોતાની કારકિર્દીની ઝાંખી કરાવતા તેમની કામ પ્રત્યેની નિષ્ઠાની કદર અંગે ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે તમે કોઈ પણ ખુણામાં બેસી કામ કરતા હોય તો પણ તેની નોંધ લેવાય જ છે. જે માટે તેમણે કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગ દિલ્હી તરફથી મળેલ 'પર્યાવરણ સુરક્ષા' એવોર્ડ અને ગુજરાત સરકાર તરફથી મળેલ 'વન સેવા ચંદ્રક'નું ઉદાહરણ આપી સૌને કાર્ય નિષ્ઠા કેળવવા જણાવ્યું હતું. તેમજ તેમણે ફરજકાળ દરમ્યાન સાથ સહકાર માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપનાર સૌ કોઈ ઉચ્ચ અધિકારીઓએ અને સાથી કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.એફ.ઓ. ખમારે કર્યુ હતું. જયારે સુંદર આયોજન આર.એફ.ઓ. જાલધરાએ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



# જેઠીપુરા પાસે માર્ગ અકસ્માતમાં કારચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર પાસેના આલમપુર ગામમાં રહેતા ૩૭ વર્ષીય કાળાજી પ્રભાતજી સોલંકી પોતાની સેન્ટ્રો કાર નં. જીજે-૧૮-એ.સી.-૩૨૪૮ લઈને નરોડાથી ચિલોડા જવાના હાઈવે પરથી ગઈ રાત્રે પસાર થઈ રહ્યા હતા. ઘરે જતી વખતે આ સેન્ટ્રો કારને અંધારામાં કોઈ અજાણ્યા વાહને જેઠીપુરા ગામના પાટીયા પાસે અડફેટે લઈ લેતા સેન્ટ્રો કાર ફંગોળાઈ ગઈ હતી અને કારનો ખુરદો બોલી ઉઠ્યો હતો. કારચાલક કાળાજીને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. ડભોડા પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા આરોપીને શોધવા તજવીજ શરૂ કરી છે.

(નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮

સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૩૬.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૫૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધનચક્કર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાંઝણા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

યે જવાહી હે દિવાની : ૧૨.૪૫

ફુકરે : ૪.૦૦

ધનચક્કર : ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

ધનચક્કર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

### સૂર્યા, વાવોલ

રાંઝણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શિખંડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ધનચક્કર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રાંઝણાઃ ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

એનીમી : ૧૦.૪૫, ૪.૧૫,

શોર્ટકટ રોમિયો : ૧.૩૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલ

મંગલફેરા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યોનો યોગ. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન ચંદુભાઈ પટેલ (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૫૫૫/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ.વિષ્ણુભાઈ રણછોડભાઈ પટેલ (ઉ.વ.૫૧) પ્લોટ નં. ૭૦૭/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. ઉષાબેન મહાદેવભાઈ વાઘરોડીયા (ઉ.વ.૫૫) પ્લોટ નં. ૭૩૮/૨, સેકટર-૭/બી, ગાંધીનગર.
- સ્વ. કાળાજી પ્રતાપજી સોલંકી (ઉ.વ.૩૭) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.રાજેશકુમાર શાંતિલાલ કોઠારી (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૧૬૮૬/૨, સેકટર-૫/સી, ગાંધીનગર.